# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી , અમદાવાદ

**Date: 10-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SUNDAY** **National News**

**આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે**

************************************************************

*******

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે KSR રેલ્વે સ્ટેશનથી ત્રણ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.**

2. **CDS જનરલ અનિલ ચૌહાણે ઓપરેશન સિંદૂરને ત્રણેય દળો વચ્ચે તાલમેલ અને અભિયાન સંકલનનું પ્રતીક ગણાવ્યું**

3. **ગુજરાતના દેવભૂમિ દ્વારકા ખાતે વિશ્વ સિંહ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી..**

4. **પ્રધાનમંત્રી આવતીકાલે નવી દિલ્હીમાં સાંસદો માટે નવનિર્મિત 184 ટાઇપ-૭ બહુમાળી ફ્લેટનું ઉદ્ઘાટન કરશે**

5. **ચીનમાં યોજાયેલી પુરુષોની મિશ્ર તીરંદાજી સ્પર્ધામાં ભારતના ઋષભ યાદવે વ્યક્તિગત વર્ગમાં કાંસ્યચંદ્રક જીત્યો**

**..........................................................................**

(સમાચારને અંતે - આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# FUR REV DAY PM KARNATAKA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે KSR રેલ્વે સ્ટેશનથી ત્રણ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.

આ ટ્રેનોમાં  બેંગલુરુ-બેલાગવી, માતા વૈષ્ણોદેવી કટરા-અમૃતસર અને નાગપુર-પુણે વંદે ભારત ટ્રેનોનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ રાગીગુડ્ડા નજીક આર વી રોડ સ્ટેશન પર ઇલેક્ટ્રોનિક સિટીને બોમ્મનહલ્લી સાથે જોડતી યલો લાઇન મેટ્રો સેવાનો પણ પ્રારંભ કરાવ્યો. તેઓ રાગીગુડ્ડાથી ઇલેક્ટ્રોનિક સિટી સુધી યલો લાઇનમાં મુસાફરી કરશે, જ્યાં તેઓ નમ્મા મેટ્રોના ત્રીજા તબક્કાનો શિલાન્યાસ કરશે જેમાં 44 કિલોમીટરથી વધુના બે કોરિડોર હશે.

રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ, રેલ્વે રાજ્યમંત્રી વી સોમન્ના અને અન્ય મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

વંદે ભારત ટ્રેનો આરામદાયક મુસાફરી અનુભવ માટે વિશ્વ કક્ષાની સુવિધાઓથી સજ્જ છે. બેંગલુરુ-બેલાગવી વંદે ભારત ઉત્તર કર્ણાટક અને રાજ્યની રાજધાની વચ્ચે જોડાણ વધારશે. આ સેમી હાઇ સ્પીડ ટ્રેન સેવા અઠવાડિયામાં છ દિવસ કાર્યરત રહેશે. બપોરે બાદ શ્રી મોદી  નમ્મા મેટ્રોના ત્રીજા તબક્કાનો શિલાન્યાસ કરશે, જેમાં બે કોરિડોર હશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CDS-ADDRESS

ભારતીય સેનાના વડા CDS જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર ત્રણેય દળો વચ્ચે તાલમેલ અને અભિયાન સંકલનનું પ્રતીક છે. જનરલ ચૌહાણે સિકંદરાબાદમાં કોલેજ ઓફ ડિફેન્સ મેનેજમેન્ટ ખાતે 21મા ઉચ્ચ સંરક્ષણ વ્યવસ્થાપન અભ્યાસક્રમ અને વરિષ્ઠ અધિકારીઓને સંબોધન કરતી વખતે સશસ્ત્ર દળોમાં એકીકરણ પર વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ શેર કર્યો હતો.

જનરલ ચૌહાને ભવિષ્યના સંયુક્ત અભિયાનની રૂપરેખાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે આધુનિક યુદ્ધ પદ્ધતિમાં ટેકનોલોજીકલ ફેરફારો અને બદલાતા લશ્કરી દ્રષ્ટિકોણની ઊંડાણપૂર્વક સમજણ, આત્મનિર્ભરતા અને વ્યાપક ક્ષમતા વિકાસના મહત્વ પર ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ARMY CHIEF – ADDRESS

ભારતીય ભૂમિદળના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ઓપરેશન સિંદૂરને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ઓપરેશન ગણાવ્યું.

તેમણે કહ્યું કે આ ઓપરેશન લશ્કરી ચોકસાઈ અને રાજકીય સ્પષ્ટતાનું સમન્વય હતું. ગઈકાલે IIT મદ્રાસ ખાતે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંબોધતા તેમણે કહ્યું કે 22 એપ્રિલે પહેલગામમાં

પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ આ ઓપરેશનનું આયોજન કરાયું અને સફળતાપૂર્વક તેનું સંચાલન કરવામાં આવ્યું હતું.

ઓપરેશનના આયોજન અને અમલીકરણ વિશે દુર્લભ માહિતી જણાવતા તેમણે કહ્યું કે ત્રણેય સેનાના વડાઓ સંમત થયા હતા કે નિર્ણાયક કાર્યવાહી જરૂરી છે. ત્રણેય સેનાઓને ઓપરેશનની દિશા નક્કી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ પ્રકારની રાજકીય દિશા અને સ્પષ્ટતા સેનાઓને પહેલીવાર જોવા મળી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## J&K-ENCOUNTER

જમ્મુ અને કાશ્મીરમાં આજે સવારે કિશ્તવાડ જિલ્લાના દુલ વિસ્તારમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઇ છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, આ વિસ્તારમાં ગુપ્ત માહિતી આધારિત ઓપરેશન દરમિયાન આતંકવાદીઓ સાથે સંપર્ક સ્થાપિત થયો હતો. ગોળીબાર અને અથડામણ ચાલુ છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

---------------------------------------------

## MANDAVIYA - FIT INDIA

યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે સન્ડે ઓન સાયકલ પહેલથી ફિટ ઇન્ડિયા ઝુંબેશને એક વિશાળ ચળવળમાં પરિવર્તિત કરવામાં મદદ મળી છે.

તેમણે રાષ્ટ્રીય રાજધાનીમાં સન્ડે ઓન સાયકલ ફિટ ઇન્ડિયા કાર્યક્રમમાં ભાગ લેતી વખતે આ વાત કહી હતી. શ્રી માંડવિયાએ માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં દેશભરના 50 હજારથી વધુ ગામડાઓના પંચાયત પ્રતિનિધિઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો છે અને ફિટ ઇન્ડિયાનો સંદેશ ફેલાવ્યો છે. તેમણે કહ્યું કે આના કારણે દેશના ગામડાઓ પણ આ ઝુંબેશમાં જોડાયા છે.

(બાઈટ- મનસુખ માંડવિયા)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**GUJARAT LION DAY**

ગુજરાતના દેવભૂમિ દ્વારકામાં વિશ્વ સિંહ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ એ કહ્યું ગુજરાતે સિંહની વસ્તી અને સિંહના પ્રાકૃતિક પરિસર એમ બંને પ્રોજેક્ટ પૂર્ણ કર્યા.

**(બાઈટ:BHUPENDRA YADAV)**

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી બેરા ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM - MP FLATS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં બાબા ખડકસિંહ માર્ગ પર સાંસદો માટે નવનિર્મિત 184 ટાઇપ-૭ બહુમાળી ફ્લેટનું ઉદ્ઘાટન કરશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી રહેણાંક સંકુલમાં સિંદૂરનો છોડ પણ લગાવશે, શ્રમિકો સાથે વાતચીત કરશે અને સભાને સંબોધિત કરશે. દરેક રહેણાંક એકમનો વિસ્તાર લગભગ પાંચ હજાર ચોરસ ફૂટ છે, જે રહેણાંક અને સત્તાવાર કાર્યો બંને માટે પૂરતી જગ્યા પૂરી પાડે છે, એમ પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું છે.

કાર્યાલયો, સ્ટાફ રહેઠાણ અને સમુદાય કેન્દ્ર માટે સમર્પિત વિસ્તારોનો સમાવેશ સાંસદોને જન પ્રતિનિધિઓ તરીકે તેમની જવાબદારીઓ નિભાવવામાં મદદ કરશે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સંકુલની અંદરની બધી ઇમારતો આધુનિક માળખાકીય ડિઝાઇન ધોરણો અનુસાર ભૂકંપ પ્રતિરોધક બનાવવામાં આવી છે. તમામની સલામતી સુનિશ્ચિત કરવા માટે એક વ્યાપક અને મજબૂત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**WORLD GAMES 2025**

ચીનના ચેંગડુમાં યોજાયેલી પુરુષોની મિશ્ર તીરંદાજી સ્પર્ધામાં ભારતના ઋષભ યાદવે વ્યક્તિગત વર્ગમાં કાંસ્યચંદ્રક જીતી ઇતિહાસ રચ્યો છે. ગઈકાલે યોજાયેલી આ મેચમાં 10મા ક્રમાંકિત 22 વર્ષીય ઋષભ યાદવે અભિષેક વર્માને 149-147થી

પરાજય આપ્યો હતો. ઋષભ યાદવે શરૂઆતથી જ લીડ લીધી અને નોંધપાત્ર પ્રદર્શન કર્યું.

---------------------------------

# TEMPLE GATE COLLAPSE

નાગપુરના કોરાડીમાં મહાલક્ષ્મી જગદંબા દેવસ્થાનના નિર્માણાધીન દરવાજાનો સ્લેબ ગઈકાલે સાંજે તૂટી પડતાં 17 શ્રમિકો ઘાયલ થયા હતા. આ ઘટના રાત્રે 8 વાગ્યાની આસપાસ બની હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ વાહનો ઘટનાસ્થળે પહોંચી ગયા છે. બચાવ કામગીરી માટે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળના કર્મચારીઓને પણ બોલાવવામાં આવ્યા હતા. ઘાયલોને વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

**ZELENSKY- TRUMP PROPOSAL**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુદ્ધનો અંત લાવવા માટે પ્રાદેશિક અદલાબદલીનો પ્રસ્તાવ મુક્યા બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ યુક્રેન સંભવિત શાંતિ કરાર અંતર્ગત યુક્રેન દ્વારા રશિયાને તેની જમીન આપી દેશે તેવા કોઈપણ સૂચનને સખત રીતે નકારી કાઢ્યું છે.

શ્રી ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેન કોઈ કબજેદારને જમીન નહીં આપે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે યુક્રેનનો રશિયાને તેના આક્રમણ માટે પુરસ્કાર આપવાનો કોઈ ઇરાદો નથી. ઝેલેન્સકીએ વાસ્તવિક અને સ્થાયી શાંતિની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે તેમનું લક્ષ્ય હત્યાઓ રોકવાનો નથી પરંતુ તાત્કાલિક વાસ્તવિક અને સ્થાયી શાંતિ સ્થાપિત કરવાનો છે.

તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે કે જયારે યુક્રેન અને યુરોપિયન દેશોના અધિકારીઓએ ઇંગ્લેન્ડના કેન્ટમાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ સાથે રશિયા-યુક્રેન સંઘર્ષને સમાપ્ત કરવા માટે રાજદ્વારી પગલાંની ચર્ચા કરી.

શ્રી ઝેલેન્સકીએ **15** ઓગસ્ટના રોજ અલાસ્કામાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની પ્રસ્તાવિત બેઠકની પણ સખત  ટીકા કરી. તેમણે કહ્યું કે યુક્રેનની ભાગીદારી વિના કોઈપણ નિર્ણયો અર્થહીન અને અમાન્ય છે અને ક્યારેય કામ કરશે નહીં.

-------------------------

# UTTARAKHAND - RESCUE OPERATION

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના હર્ષિલ અને ધરાલી વિસ્તારોમાં તાજેતરની આપત્તિ બાદ મોટા પાયે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે.

ઉત્તરાખંડના મુખ્ય સચિવ આનંદ વર્ધને તમામ સંબંધિત એજન્સીઓને સંકલનમાં કામ કરવા અને અસરગ્રસ્ત વિસ્તારોને અલગ અલગ ઝોનમાં વિભાજીત કરવા નિર્દેશ આપ્યો છે જેથી ઝડપી અને વધુ કાર્યક્ષમ બચાવ કામગીરી સુનિશ્ચિત થાય. રાહત અને બચાવ કામગીરી માટે SDRFના મહાનિયામક અરુણ મોહન જોશીને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. 5 ઓગસ્ટના રોજ આવેલી વિનાશક આપત્તિ બાદ એક હજાર સો થી વધુ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. ગઈકાલે હર્ષિલ અને નેલાંગમાંથી 480 લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા અને જોલી ગ્રાન્ટ, માટલી અને ચિન્યાલિસૌરમાં ખસેડવામાં આવ્યા હતા.

દરમિયાન હર્ષિલ ખીણમાં વીજળી પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. હર્ષિલ અને ધરાલીમાં ડીઝલ અને LPGનો

નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે, જ્યારે રસ્તામાં અવરોધને કારણે ખચ્ચર દ્વારા ખાદ્ય પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .